Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# સ્ત્રીઓનુ કાનૂની હથિયાર ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૮એ નો દુરુપયોગ

નિરજગીરી મનસુખગિરી ગોસ્વામી

સંશોધક

કાયદા વિભાગ,

શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી, ગોધરા

**સારાંશ :**

ભારત એક એવો દેશ છે, જ્યાં રિવાજો અને પરંપરાઓએ સમાજમાં મહત્વની અને નિર્ણાયક ભૂમિકા ભજવી છે. લગ્ન એ સમાજની એક દૈવી સામાજિક રિવાજ છે, પરંતુ છેલ્લા કેટલાક દાયકાઓથી તેમાં નોંધપાત્ર ફેરફારો થયા છે. દહેજ એ ભારતીય સમાજમાં પ્રચલિત પ્રથાઓમાંની એક હતી, જેને અગાઉ આશીર્વાદ તરીકે ગણવામાં આવતી હતી. જો કે તે ભયાનક રૂપ ધારણ કરી સમાજ માટે અભિશાપ બની ગયું અને ધીરે ધીરે તે મહિલાઓ ઉત્પીડન અને ક્રૂરતાનું કારણ બની ગયું. એક દૈવી સંસ્થા તરીકે લગ્નની પવિત્રતાને ટકાવી રાખવા માટે હંમેશા પ્રયત્નો કરવા જોઈએ. પરંતુ તેની વ્યાપકપણે માન્યતા પ્રાપ્ત થઈ છે, તે માનવાધિકારના દુરુપયોગના સૌથી વ્યાપક સ્વરૂપોમાંના એક તરીકે સ્ત્રીઓ સામેની હિંસા છે. તેથી મહિલાઓની સુરક્ષા માટે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ હેઠળ કલમ ૪૯૮એ લાવવામાં આવી હતી. જો કે, તાજેતરના વર્ષોમાં, એવું જોવામાં આવ્યું છે કે મહિલાઓ પોતાના અંગત લાભ માટે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૮એ નો દુરુપયોગ કરે છે. આ કાયદો પુરૂષો માટે વર્તમાન પરિસ્થિતિમાં મુશ્કેલી ઊભી કરી છે, કારણ કે તેમની સાથે ભેદભાવ કરવામાં આવે છે. ભારતીય દંડ સંહિતા ની કલમ ૪૯૮એ માં સુધારો કરવો જોઈએ અને સમાજમાં કેટલાક ફેરફારો લાવવાની જરૂર છે. જેથી પુરુષો સામેની કાનૂની જોગવાઈનો દુરુપયોગ કરવાના શ્રાપને દૂર કરી શકાય. ઘણા કિસ્સાઓમાં, પત્નીઓ દ્વારા કોઈ કારણ વગર પોલીસ અથવા કોર્ટમાં જવાની હેરાનગતિને કારણે પુરુષોએ આત્મહત્યા કરી છે. આ સંશોધન પેપર મહિલાઓ દ્વારા થતી ક્રૂરતાની વિભાવનાનું વિશ્લેશણ કરવાનો પ્રયાસ કરે છે અને એ પણ સ્પષ્ટ કરવાનો પ્રયાસ કરે છે કે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૪૯૮એ નો દુરુપયોગ છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**પરિચય :**

ભારત હંમેશા એક એવું રાષ્ટ્ર રહ્યું છે, જ્યાં રિવાજો અને ધાર્મિક વિધિઓનું માત્ર પાલન જ થતું નથી પરંતુ તેને પવિત્ર અને ગણવામાં આવે છે. દહેજનો ખ્યાલ પણ તેમાંથી એક હતો જે ભારતમાં પ્રચલિત હતો. દહેજ નિષેધ અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૨૧ હેઠળ 'દહેજ' શબ્દ વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે. આ કાયદાનો હેતુ મહિલાઓને તેના પતિ અને પરિવારના સભ્યોના અત્યાચારોથી બચાવવાનો હતો. મહિલાઓને ખરાબ વર્તન અને ત્રાસથી બચાવવા માટે આ કાયદાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં કાયદો સમાજમાં દુષ્ટ બની ગયો છે. આ કાયદો 'કવચ' ને બદલે હવે મહિલાઓ દ્વારા 'બખ્તર' તરીકે પુરુષોને વ્યક્તિગત સંતોષ અને લાભો માટે ધમકાવવા અને હેરાન કરવા માટે ખરાબ ઈરાદા સાથે ઉપયોગ કરવામાં આવે છે. પરિણામે, એવું કહી શકાય કે કલમ ૪૯૮એ નો ઉપયોગ મહિલાઓ દ્વારા હથિયાર તરીકે કરવામાં આવે છે, જેઓ ફક્ત પોતાના નફા માટે આ ચોક્કસ કલમની વ્યવસ્થાનો દુરુપયોગ કરે છે.

**ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૪૯૮એ :**

જે કોઈ વ્યક્તિ, કોઈ સ્ત્રીનો પતિ અથવા પતિનો સગો હોઈ એવી સ્ત્રી સાથે ક્રૂરતા કરે ત્યારે તેને ત્રણ વર્ષની મુદ્દત સુધીની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

**ક્રૂરતાનો ખ્યાલ :**

'ક્રૂરતા'માં શારીરિક અને માનસિક ત્રાસ બંનેનો સમાવેશ થાય છે. **ભારતીય દંડ સંહિતા** ની કલમ ૪૯૮એ ના ખુલાસા (એ) માં 'ઇરાદાપૂર્વકનું વર્તન' પ્રત્યક્ષ અને પરોક્ષ પુરાવાઓ પરથી અનુમાન કરી શકાય છે. કાયદા સાથે જોડાયેલ સ્પષ્ટીકરણ કલમમાં ક્રૂરતા શબ્દનો સમાવેશ કરવા માટે વ્યાપક અર્થ આપવામાં આવ્યો છે-

(ક) કોઈ સ્ત્રીને આપઘાત કરવા પ્રેરવાનો અથવા તેના શરીર, અવયવ અથવા આરોગ્યને (માનસિક કે શારીરિક) ગંભીર ઇજા કે ભય થવાનો સંભવ હોય એવા પ્રકારનું જાણીબૂજીને કરેલું વર્તન, અથવા

(ખ) કોઈ મિલકત અથવા કિમતી જામીનગીરી માટેની કોઈ ગેરકાયદેસર માંગણીને પહોંચી વળવા માટે કોઈ સ્ત્રી અથવા તે સ્ત્રી સાથે સગપણ ધરાવતી કોઈ વ્યક્તિ પાસેથી બળજબરીથી કામ કઢાવવાના હેતુથી અથવા તેવી માંગણીને પહોંચી વળવાનું તે સ્ત્રી અથવા તે સ્ત્રી સાથે સગપણ ધરાવતી કોઈ વ્યક્તિએ ચૂકી જવાને કારણે કોઈ હેરાનગતિ કરવામાં આવે, ત્યારે તે સ્ત્રીને કરેલી હેરાનગતિ. ક્રૂરતાના કેટલાક ઉદાહરણો નીચે મુજબ છે-

- **દહેજની વારંવારની માંગણી ક્રૂરતા સમાન છે:** જો દહેજની વારંવાર માંગણી કરવામાં આવે છે અને કોઈ પણ પ્રકારનો ત્રાસ અથવા ઉત્પીડન, પછી તે શારીરિક અથવા માનસિક રીતે સ્ત્રીને હેરાન કરવામાં આવે છે, તો તે ક્રૂરતાનું કૃત્ય છે.
- **તેણીને કદરૂપું કહીને વારંવાર ટોણો મારવો એ ક્રૂરતા છેઃ** લગ્નના બીજા દિવસથી જ પત્ની સાથે ખરાબ વર્તન કરવામાં આવતું હોય અને તેણીને વારંવાર ટોણા મારવામાં આવતા હોય અને ખરાબ વર્તન કરવામાં આવતું હોય અને તેણીને નીચ વગેરે કહીને માનસિક ત્રાસ આપવામાં આવતો હોય. આ ક્રૂરતા, માનસિક ત્રાસ સમાન છે.
- **મુકદ્દમામાં ખોટા આરોપો ક્રૂરતા સમાન છે:** પત્નીને દૂષિત મુકદ્દમાઓની શ્રેણીમાં આધિન કરવામાં આવ્યું હતું, જેમાં પત્ની સામે અત્યંત દુઃખદાયક અને અપમાનજનક આરોપો મૂકવામાં આવ્યા હતા અને સર્ચ વોરંટની અમલવારી અને તેની અંગત મિલકત જપ્ત કરીને તેણીને ત્રાસ આપવામાં આવ્યો હતો. આ કૃત્યો જ્યારે પુનરાવર્તિત થાય છે અને ચાલુ રાખવામાં આવે છે, ત્યારે ક્રૂરતા છે.

ઉપરોક્ત દાખલાઓ પરથી એવું અનુમાન કરી શકાય છે કે 'ક્રૂરતા' શબ્દ પ્રકૃતિમાં અમૂર્ત છે. કોઈપણ કાયદામાં ક્રૂરતાની કોઈ ચોક્કસ વ્યાખ્યા નથી. તે વિવિધ સ્વરૂપોમાં હોઈ શકે છે અને વિવિધ પરિબળો અને સંજોગો પર આધાર રાખે છે.

**સ્ત્રીઓ ભારતીય દંડ સહિતાની કલમ ૪૯૮એ નો દુરુપયોગ કરે છે જેના કેટલાક ચોક્કસ કારણો નીચે જણાવેલ છે:**

૧. **કાયદેસર ગેરવસૂલી –** મહિલા દ્વારા તેના મોજશોખ પૂરા કરવા માટે મોટી માત્રામાં નાણાં પડાવવા અને પતિની મિલકત માંગવામાં આવે છે.

૨. **પહેલાનો સંબંધ –** પત્નીનો લગ્ન પહેલા બીજા પુરુષ સાથે સંબંધ છે અને તે તેમાંથી બહાર નીકળી શકે નહી. તેણી તેના માતાપિતાના દબાણ હેઠળ લગ્ન કરે છે અને પછી છૂટાછેડા મેળવવા માટે ૪૯૮એ કાયદાનો દુરૂપયોગ કરે છે.

3. **વ્યભિચાર** - જે મહિલાઓ વ્યભિચાર કરે છે તે સોદાબાજીના સાધન તરીકે ૪૯૮એ નો ઉપયોગ કરે છે.

૪. **વર્ચસ્વ** - પત્ની ઈચ્છે છે કે પતિ તેના માતા-પિતા અને ભાઈ-બહેનોને છોડી દે, અને તેની નાણાકીય અને સામાજિક વર્તણૂક પર સંપૂર્ણ નિયંત્રણ હોય.

૫. **કસ્ટડી –** પત્ની ઇચ્છે છે કે તેના પતિ થી છૂટા થયા પછી તે તેના બાળકોને તેના પિતાથી અને પરિવારથી તેમના બાળકોને દૂર રાખે અને બાળકોને તેના પિતાથી દૂર રાખવા.

૬. **કપટપૂર્ણ લગ્ન** - કન્યા અને તેણીનો પરિવાર તેણીનું શિક્ષણ સ્તર અથવા માનસિક સ્વાસ્થ્ય છુપાવે છે અને જ્યારે બધી જ હકીકતો પતિ અને તેના પરિવારની સામે આવે છે, ત્યારે તેની પત્ની દ્વારા પતિને

ખોટી રીતે હેરાન કરીને તેની સામે ૪૯૮એ નો ખોટો કેસ દાખલ કરે છે.

આજે દરેક પતિને ત્રાસ આપનાર અને પતીના સંબંધીઓને રાક્ષસ તરીકે જોવામાં આવે છે. વાજબી માત્રામાં દોષ મીડિયા પર પણ છે, જે આ મુદ્દાને સનસનાટીભર્યા બનાવવાના દૃષ્ટિકોણથી યોગ્ય તપાસ કર્યા વિના સમાચારને ઉડાડી દે છે. કલમ ૪૯૮એ ના દુરુપયોગના સંદર્ભમાં ન્યાયતંત્રનું મંતવ્ય નીચે મુજબ છે:

જસબીરકૌર વિ. હરિયાણા ના કેસમાં હરિયાણા હાઈકોર્ટે અવલોકન કર્યું હતું કે પતિ પત્ની વચ્ચે વિખૂટા પડી ગયેલી પત્ની, તેના પતિ અને તેના પરિવાર ને હેરાન પરેશાન કરવા માટે પતિના શક્ય તેટલા સંબંધીઓને જોડવા માટે કોઈપણ હદ સુધી જશે.

**સૂચનો અને નિષ્કર્ષ**

સંશોધક દ્વારા કરવામાં આવેલા સૂચનો અથવા ભલામણો નીચે મુજબ છે:-

- ભારતમાં, ખાસ કરીને ગંભીર પ્રકૃતિના ગુનાહિત કેસોની સુનાવણી ૮ થી ૧૦ વર્ષ સુધી ચાલુ રહે છે, જો ગુનાની ગંભીરતા પર આધાર રાખીને વધુ નહીં પરંતુ ૪૯૮એ ની કલમ હેઠળ ફસાયેલા નિર્દોષ પીડિતોનું તાત્કાલિક નિવારણ થાય તે માટે ઝડપી ટ્રાયલની સલાહ આપવામાં આવે છે. તેથી તે અત્યંત મહત્વનું છે કે ન્યાયતંત્રે ૪૯૮એ કેસોના સંદર્ભમાં સુનાવણીની પ્રક્રિયાને ઝડપી બનાવવાનો અસરકારક પ્રયાસ કરવો જોઈએ.
- એવો પ્રયાસ પણ થવો જોઈએ કે જેથી આ ૪૯૮એ કેસોની તપાસ માત્ર સિવિલ સત્તાવાળાઓ દ્વારા જ ચલાવવામાં આવે અને માત્ર વ્યાજબી પુરાવાના આધારે, જે વ્યક્તિના ગુનાને સ્થાપિત કરવા માટે પૂરતા પુરાવા હોય, તે લોકો સામે જ પોલીસકર્મીએ પગલાં લેવા જોઈએ.

- કલમ ૪૯૮એ હેઠળ નિર્ધારિત જોગવાઈમાં તાત્કાલિક સુધારાની જરૂર છે અને તે તાજેતરના સમયમાં કાયદા ઘડનારાઓની મુખ્ય ચિંતાઓમાંની એક હોવી જોઈએ.
- આપણા દેશમાં કોઈ યોગ્ય ઔપચારિક સંસ્થા નથી, જે કૌટુંબિક કાઉન્સેલિંગ આપે. એક માન્ય કૌટુંબિક કાઉન્સેલિંગ સંસ્થાની સ્થાપના જરૂરી છે, જેથી વ્યક્તિઓ તેમના દુઃખને બહાર કાઢી શકે અને નિષ્ણાતો અને પ્રેક્ટિશનરોની સલાહ પણ લઈ શકે.
- માનવાધિકાર પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ NGO એ તટસ્થ રીતે કાર્ય કરવા માટે હાથ મિલાવવો જોઈએ અને નજીવી બાબતો પર આધારિત ફોજદારી કેસ ન કરવા માટે શિક્ષિત તથા જાગૃત કરવું જોઈએ.
- ૪૯૮એ કેસો જામીનપાત્ર ગુના તરીકે ચાલુ રાખવામાં આવે અને નિર્દોષોને કસ્ટડીમાં જતા અટકાવવા માટે જામીનપાત્ર હોય તેવા સાચા પ્રયાસો કરવા જોઈએ.
- અદાલતે દંડ લાદવાનું શરૂ કરવું જોઈએ અને ખોટા આક્ષેપો કરવા બદલ વ્યક્તિ સામે કડક પગલાં લેવા જોઈએ, કારણ કે આ વિભાગમાં અવરોધક તત્વનો અભાવ છે, જેના માટે દહેજના કેસ આવા ભયજનક સ્તરે વધી રહ્યા છે.
- અપ્રમાણિક, ભ્રષ્ટ પોલીસ અધિકારીઓ સામે કડક પગલાં લેવા જોઈએ, જો તે સ્પષ્ટ થાય કે તેમની તરફથી ફરજમાં ઘોર બેદરકારી થઈ છે, તો તેમને કાં તો દંડ કરવામાં આવવો જોઇએ અથવા તેમની પોસ્ટ પરથી તેમને સસ્પેન્ડ કરવા જોઈએ વગેરે કાયદાકીય પગલાં લેવા જોઈએ.

**નિષ્કર્ષ:**

આ કાયદો માત્ર અને માત્ર મહિલાઓને જ ઉપાય પૂરો પાડે છે અને તે તાજેતરમાં એક અત્યંત ચર્ચાસ્પદ મુદ્દો છે. જો આ કાયદામાં સુધારો કરી તેને ઉકેલવામાં નહીં આવે તો તે સમાજ માટે એક ભયાનક સ્થિતિ બની જશે.

લોકોનો ન્યાયતંત્ર પર વિશ્વાસ છે, તે વિશ્વાસ રહેશે નહી તેથી આ કલમમાં સુધારો કરવાનો સમય આવી ગયો છે. આ કાયદો અનૈતિક મહિલાઓના હાથમાં કાનૂની હથિયાર તરીકે રહેશે, જે તેનો દુરુપયોગ કરશે. જ્યારે ઘરેલું હિંસા અથવા ક્રૂરતાના સાચા કે ખોટા આરોપો હેઠળ કોઈ માણસને તેના પોતાના ઘરની બહાર ફેંકી દેવામાં આવે છે, ત્યારે તેના પર નિર્ભર દરેકને ભોગવવું પડે છે. જો કોઈ આરોપી વ્યક્તિ ખરેખર અપમાનજનક હોય તો પણ સમગ્ર પરિવારને દંડ કરવો તે અયોગ્ય છે. અયોગ્ય એ એવી પરિસ્થિતિનું વર્ણન કરવા માટેનો એક સૂક્ષ્મ શબ્દ છે કે જેમાં એક નિર્દોષ માણસ તેના પરિવાર સહિત કાયદાના દુરુપયોગ દ્વારા અત્યાચારનો ભોગ બને છે. સમગ્ર અભ્યાસ પછી સંશોધક નિષ્કર્ષ પર આવી શકે છે કે, ભારતીય દંડ સહિતાની કલમ ૪૯૮એ મહિલાઓને તેના પતિ અને તેના સંબંધીઓની ક્રૂરતાથી બચાવવા માટે આગળ લાવવામાં આવી હતી પરંતુ હવે તેનો દુરુપયોગ થઈ રહ્યો છે. આ મહિલાઓ તેમના પતિ અને તેના સંબંધીઓ પ્રત્યે ક્રૂર બનીને કાયદાને ખોટી રીતે ઉપયોગ કરીને કાનૂની હથિયાર તરીકે ઉપયોગ કરી રહી છે અને ભારતીય દંડ સહિતાની કલમ ૪૯૮એ  હેઠળ કેસ ચલાવી રહી છે. જે "પતિ અથવા પતિના સંબંધીઓ દ્વારા ક્રૂરતા" સાથે સંબંધિત છે. હવેથી કાયદાની જોગવાઈઓનો દુરુપયોગ કરીને "કાનૂની આતંકવાદ" ના વિકાસને રોકવા માટે શક્ય તેટલી વહેલી તકે અમુક કાનૂની પગલાં લેવા જોઈએ.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

## ગ્રંથસૂચિ


- ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.
- ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦.
- ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨.
- દહેજ પ્રતિબંધ કાયદો, ૧૯૬૧.
- લેખક: રતનલાલ રણછોડદાસ અને ધીરજલાલ કેશવલાલ ઠાકોર, ભારતીય દંડ સંહિતા LexisNexis દ્વારા પ્રકાશિત, આવૃત્તિ ૩૪મી, (૨૦૧૪)
- લેખક: કે.ડી.ગૌર, ભારતીય દંડ સંહિતાની પાઠ્યપુસ્તક, યુનિવર્સલ લો પબ્લિશિંગ કંપની દ્વારા પ્રકાશિત આવૃત્તિ ચોથી (૨૦૦૯)
- કલમ ૪૯૮એ, દહેજ: સૌથી વધુ એફઆઈઆર, સૌથી ઓછી સજા.‖ કાનૂની ઈચ્છા. ડિસેમ્બર ૬, ૨૦૧૭.
- ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૮એ મહિલાના હાથમાં હથિયાર. જાન્યુઆરી ૦૩, ૨૦૦૯,
- ભારતીય કાનૂન, https://indiankanoon.org/
- નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB), http://ncrb.gov.in/.
- ક્રિમિનલ મેજર એક્ટ્સ, અરવિંદ એચ. પંડ્યા, પ્રકાશક: પુનહલ લો હાઉસ